અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
વાહકજન્ય રોગચાળો અટકાયતી શાખા - હેલ્થ વિભાગ
પ્રથમ માળ, આરોગ્ય ભવન, એસ.ટી. બસ સ્ટેન્ડ સામે, ગીતા મંદીર, અમદાવાદ.૩૮૦૦૨૨
(ટે.નં. ૯૭૨૬૪ ૧૬૧૩૨) E-mail:entomologist.amc@gmail.com

# ઈ-ટેન્ડર નોટીસ નં - એચ.એમ. /૧૮/૨૦૨૪-૨૫

## વેકટરબોર્ન ડિસીઝ કંટ્રોલની કામગીરી હેઠળ ઘરે ઘરે જઈને અમદાવાદ મ્યુ. કોર્પોરેશનના દક્ષિણ પશ્ચિમ ઝોનનાં જુદા જુદા કુલ ૪ વોર્ડમાં ઈન્ડોર રેસીડ્યુઅલ સ્પ્રે(IRS)ની કામગીરી

| અનું.નં | ટેન્ડરની વિગત | છેલ્લી તારીખ અને સમય |
|---|---|---|
| ૧. | ટેન્ડર જાહેરાત ની તારીખ | તા. ૦૫/૦૩/૨૦૨૫ |
| ૨. | ઓનલાઈન ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ | તા. ૦૨/૦૪/૨૦૨૫ સાંજે ૬ કલાક સુધી |
| ૩. | ઓફલાઈન ઇ.એમ.ડી., ટેન્ડર ફી અને અન્ય દસ્તાવેજો જમા કરાવવાની છેલ્લી તારીખ | તા. ૦૪/૦૪/૨૦૨૫ સાંજે ૫ કલાક સુધી |
| ૪. | ઓનલાઈન પુછપરછની છેલ્લી તારીખ | તા. ૧૭/૦૩/૨૦૨૫ સાંજે ૬ કલાક સુધી |
| ૫. | પ્રિ- બીડ મીટીગની તારીખ | તા.૧૮/૦૩/૨૦૨૫ સવારે ૧૧ કલાકથી |
| ૬. | ટેકનીકલ બીડ ખોલવાની તારીખ | તા. ૦૫/૦૪/૨૦૨૫ સવારે ૧૧ કલાકથી |
| ૭. | કોમર્શિયલ બીડ ખોલવાની તારીખ | તારીખ અને સમય ની જાણ કરવામાં આવશે. |
| ૮. | બીડ વેલીડીટી | ૧૮૦ દિવસ ટેકનીકલ બીડ ખોલ્યા તારીખ થી |
| ૯. | ટેન્ડર ફી | રૂા.૯૦૦/- |
| ૧૦. | ઇ.એમ.ડી. | રૂા.૫૬,૦૦૦/- |
| ૧૧. | ટેન્ડરની જનરલ શરતો | ટેન્ડર નાં ડોક્યુમેન્ટ પ્રમાણે |

## કામગીરીની જનરલ માહીતી:

- સદરહું ઇ-ટેન્ડરમાં ટેન્ડરર દ્વારા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનાં જણાવેલ વિસ્તારમાં હેલ્થ વિભાગનાં સંલગ્ન ઝોનના ડેપ્યુટી હેલ્થ ઓફીસરશ્રીની સુચના અનુસાર વેકટરબોર્ન ડિસીઝ કંટ્રોલની કામગીરી હેઠળ ઘરે ઘરે જઇને વોર્ડમાં આવેલ રહેણાંક તથા બિન-રહેણાંક વિસ્તારોમાં ઇન્ડોર રેસીડ્યુઅલ સ્પ્રેની કામગીરી કરાવવાની રહેશે.
- સદરહું કામગીરી માટે જરૂરીયાત મુજબની છંટકાવમાં લેવાની દવા (સિન્થેટીક પાયરેથ્રાઇડ)કક્ષાની ઇન્સેકટીસાઇડ દ્વારા બે રાઉન્ડ (ત્રણ માસનાં સમય અંતરાલ)માં કુલ ૬ માસ માટે સદર કામગીરી કરવાની રહેશે.
- સદરહું કામગીરી માટે જરૂરીયાત મુજબની ઇન્સેકટીસાઇડ, રેકર્ડબુક અને આઇ.ઇ.સી. પત્રીકા વિગેરે અ.મ્યુ.કો. તરફથી આપવામાં આવશે.
- ટેન્ડરરે સદરહું દવા છંટકાવની કામગીરીમાં ઉપયોગમાં લેવાના સ્પ્રેયર પંપ તેમજ આનુસાંગીક તમામ સાધન સામગ્રી જેવી કે સ્પ્રેયર પંપ, ડોલ, માપીયુ, તાડપત્રી, પ્રોટેક્ટીવ ક્લોથસ (એપ્રોન / કેપ / ગોગલ્સ /હાથ મોજા / માસ્ક) વગેરે અને ટેનડરરનું આઈડેન્ટી દર્શાવતુ આઇકાર્ડ પોતે પુરી પાડવાનું રહેશે.
- સદરહું કામગીરીમાં ટેન્ડરર દ્વારા વોર્ડનાં મેલેરીયા સબ ઇન્સપેક્ટર દ્વારા દૈનિક ધોરણે સોંપવામાં આવેલ વિસ્તારમાં પ્રતિ સ્પ્રેયર ટીમ દીઠ વધુમાં વધુ ૧૦૦ મકાનોમાં ઇન્ડોર રેસીડ્યુઅલ સ્પ્રેની કામગીરી યોગ્ય રીતે કરાવવાની રહેશે.
- સોંપવામાં આવેલ વિસ્તારના તમામ મકાનોમાં આઇ.આર.એસ.ની કામગીરી સંતોષકારક, ટ્રેનીગ દરમ્યાન જણાવ્યા મુજબથી કરવાની રહેશે. જે દિવસે સ્પ્રેની કામગીરી કરવાની હોય તેના એક થી ત્રણ દિવસ અગાઉ તે વિસ્તારના રહીશોને પત્રીકા દ્વારા આઇ. આર. એસ. અંગે સમજાવી ઇન્ડોર રેસીડ્યુલ સ્પ્રે કરવા માટે સંમતી ટેન્ડરર દ્વારા મેળવવાની રહેશે.
- પ્રત્યેક મકાનના દરેક ઓરડામાં (ચાર દિવાલ તથા સિલીગ સાથેની જગ્યાયે) ઇન્ડોર રેસીડ્યુઅલ સ્પ્રેની કામગીરી કરવાની રહેશે.
- ઇન્ડોર રેસીડ્યુઅલ સ્પ્રેની કામગીરી કરેલ મકાનની દિવાલ ઉપર માર્કીંગ તેમજ રેકર્ડબુક નિભાવવાની જવાબદારી ટેન્ડરરની રહેશે.
- ટેન્ડરર તરફથી રાખવામાં આવેલ વોર્ડ સુપરવાઇઝર તથા સ્પ્રે ટીમના કોઇ પણ એક/મેમ્બરોને કામગીરીનું લેખીતમાં રીપોર્ટીગ કરતા અને મોબાઇલ એપ્લીકેશનમાં ફોટો અપલોડ કરતા તથા એન્ટ્રી કરતા આવડવું જોઇએ.
- સદરહું કામગીરી વોર્ડના મેલેરીયા સબ ઇન્સપેક્ટર દ્વારા સ્પ્રેયર ટીમ દીઠ કામગીરીના વિસ્તારની માહીતી જેતે સુપરવાઇઝર/ સ્પ્રેયર ટીમને અગાઉથી આપી દેવામાં આવશે. તે મુજબ ટેન્ડરરના વોર્ડ સુપરવાઇઝર દ્વારા તમામ તમામ સ્પ્રેયર ટીમને મોબાઇલ એપ્લીકેશનમાં ટાસ્ક આપી સમયસર જે તે વિસ્તારમાં કામગીરી માટે મોકલવાનાં રહેશે.
- સદરહું કામગીરીની ફરજનો સમય સોમવાર થી શનિવાર (દર માસના બીજા, ચોથા શનિવાર અને જાહેર રજા તેમજ રવિવાર સિવાય) સવારે ૭:૩૦ થી મેલેરીયા વિભાગના ફરજ દરમ્યાન કુલ ૮ કલાક ની સમય મર્યાદામાં કામગીરી કરવાની રહેશે. તમામ સ્પ્રેયર ટીમ મેમ્બરર્સ તથા વોર્ડ સુપરવાઇઝર તમામે સવારે સમયસર ફરજ ઉપર આવવા તેમજ તમામ સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તેમ જ ફરજ ઉપર મોડા આવનાર સ્પ્રેયર ટીમને કામગીરીમાં લેવામાં આવશે નહી.

- જેતે ઝોનનાં ડેપ્યુટી હેલ્થ ઓફીસરશ્રી દ્વારા જરૂર જણાય તો ફરજના સમય ફેરફાર કરાવી શકશે અને તે જેતે ટેન્ડરરને બંધનકર્તા રહેશે.
- સદરહું કામગીરી દરમ્યાન જેતે ટેન્ડરર દ્વારા રાખવામાં આવેલ મેનપાવરે અત્રેથી નક્કી કરવામાં આવેલ મોબાઈલ એપ્લીકેશનનમાં ઓછામાં ઓછા ૧૫ ફોટો ઓનલાઈન અપલોડ કરવાના રહેશે તેમજ સદરહું ફોટોગ્રાફસ જેતે ઘરેથી, અલગ અલગ ઘરેથી અને અલગ અલગ સમયે અપલોડ કરવાના રહેશે.
- તદઉપરાંત કામગીરીના અંતે જેતે સોસાયટી/ચાલીમાં જેતે વિસ્તારનાં સામાજીક કાર્યકર્તા/ સોસાયટીના ચેરમેન/ જવાબદાર વ્યકિતનું સંતોષકારક કામગીરી થયાનું સર્ટીફિકેટ મેળવી મોબાઈલ એપ્લીકેશનમાં અપલોડ કરવાનું રહેશે.
- સંસ્થાના વોર્ડ સુપરવાઈઝર વોર્ડમાં સદરહું કામગીરી માટે રાખેલ તમામ કામદારોની હાજરી તથા કામગીરી દરમ્યાન રોજે રોજ સાંજે ફરજનાં સમય મર્યાદામાં કરેલ કામગીરીની સંપૂર્ણ માહિતી/ પત્રકો/ નોંધબુક તારીજા સાથે ભરીને તથા વોર્ડ ઓફિસથી આપવામાં આવતી દવાના વપરાશની માહિતી સાથે વધેલી દવા તેમજ અન્ય વિગતો જે તે વોર્ડના મેલેરીયા સબ ઈન્સ્પેક્ટરને સાંજે ૬ કલાક સુધીમાં આપવાની રહેશે. જો સમયમર્યાદામાં માહીતી પુરી પાડવામાં નહી આવે તો એ દિવસની કામગીરી માન્ય રાખવામાં આવશે નહી.
- ટેન્ડરર દ્વારા આ કામગીરી માટે રાખવામાં આવનાર સ્પ્રે ટીમના મેમ્બરોને યોગ્ય સુરક્ષાત્મક યુનિફોર્મ / કોટી/ ડ્રેસ કોડ આપવાનો રહેશે.
- ટેન્ડરમાં મંજુર થયા મુજબનાં રહેણાંક તથે બીન રહેણાંક ઓરડાઓ માટે ટેન્ડરર દ્વારા દીવસ પ્રમાણે વોર્ડ વાઈઝ મુકવાની થતી સ્પ્રે ટીમ વગેરેની તમામ વિગત સાથે ટાઈમટેબલ ઝોનલ લેવલે ડે. હેલ્થ ઓફીસરશ્રીને સોંપી મંજુર કરાવવું અને તેમની મંજુરી મુજબ જે તે વોર્ડ લેવલે ટાઈમ ટેબલ મુજબ કામગીરી થાય તે વોર્ડ અને ઝોન લેવલના અધિકારીઓ તથા કર્મચારીઅઓ દ્વારા સુનિશ્વિત કરવાનું રહેશે.
- સદરહું ઈન્ડોર રેસીડ્યુઅલ સ્પ્રેની કામગીરી ભારત સરકારશ્રીના NCVBDC ગાઈડ લાઈન મુજબના કરવાની રહેશે.
- સદરહું કામગીરી માટે તમામ સ્પ્રેયર ટીમ મેમ્બરર્સ અને સુપરવાઈઝરી સ્ટાફ તમામને અમદાવાદ મ્યુનિસપિલ કાર્પોરેશનના મેલેરીયા વિભાગ દ્વારા કામગીરી શરૂ કરતા પહેલાની આયોજીત ટ્રેનીંગમાં હાજરી આપવાની રહેશે તથા ટ્રેનીંગમાં આપવામાં આવેલ તમામ શરતો તથા સુચનાનુ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. આ અંગે કોઈ પણ પ્રકારનું ભથ્થું ચુકવવામાં આવશે નહી.
- સદરહું કામગીરીના લક્ષીત મકાનો પૈકી જેટલા મકાનોના મુખ્ય ઓરડા સાથે અન્ય ઓરડામાં દવા છંટકાવની કામગીરી કરેલ હશે તેટલા જ ઓરડાઓની ગણતરી ધ્યાને લઈ બીલ ચુકવણી કરવામાં આવશે.

## ટેન્ડરની જનરલ શરતોઃ

૧. તમામ ટેન્ડરની માહીતી એન-પ્રોક્યોરની વેબસાઇટ ***https://tender.nprocure.com*** થી મેળવી શકાશે. કોઇ પણ પ્રકારની પુછપરછ માટે દર્શાવેલ સમય મર્યાદામાં ***rajeshsharma@ahmedabadcity.gov.in*** અથવા ***entomologist.amc@gmail.com*** ઉપર ઇ-મેઇલ કરી શકાશે.

૨. સદરહુ ટેન્ડર ૨(બે) બીડમાં ભરવવાનું રહેશે.

૩. જેમા પાર્ટ A ટેકનીકલ બીડમાં જે તે ટેન્ડરર દ્વારા અનેક્ષર ૧ મુજબની તમામ માહતી જરૂરી દસ્તાવેજ સાથે, ટેન્ડર ફી અને ઇ.એમ.ડી.ના ડિમાન્ડ ડ્રાફ્ટ, ટેન્ડરની શરતો સહી સાથે તેમજ કવાલીફિકેશન ક્રાઇટેરીયા મુજબના તમામ સંલગ્ન ડોકયુમેન્ટ હાર્ડ કોપીમાં ટેન્ડર ઓફીસ ખાતે જમા કરાવવાના રહેશે.

૪. પાર્ટ A ટેકનીકલ બીડમાં તમામ માહીતી ઓનલાઇન અપલોડ કરવાની રહેશે.

૫. તેમજ ***પાર્ટ B કોર્મશીયલ બીડ (ભાવ) ફક્ત ઓનલાઈન ભરવાના*** રહેશે.

૬. પાર્ટ B બાબતે ઇ- ટેન્ડરની વેબ સાઇટ ઉપર ફક્ત કોર્મશીયલ બીડમાં પ્રતિ ઓરડા દીઠનાં ભાવ પુરા રૂપિયામાં તેમજ બે દશાંક પુણાંક સાથે ભરવાના રહેશે, અન્ય કોઇ પણ જગ્યાએ ભાવ દર્શાવેલ હશે તો ટેન્ડર રદબાતલ ગણવામાં આવશે.

૭. સદરહુ ટેન્ડરની હાર્ડ કોપી પાર્ટ A માં જણાવ્યા મુજબના તમામ ફીઝીકલ ડોક્યુમેન્ટસ નીચે જણાવેલ સરનામે સમય મર્યાદામાં અન્ય પુરાવા સાથે રજીસ્ટર એ.ડી. અથવા સ્પીડપોસ્ટથી જમા કરવાનું રહેશે.

પ્રતી,
ટેન્ડર ઓફીસરશ્રી, સેન્ટ્રલ રેકર્ડ ખાતું,
બી-બ્લોક, મેઝનીન ફ્લોર,સરદાર પટેલ ભવન,
અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન (મુખ્ય બિલ્ડીંગ)
ખમાસા, દાણાપીઠ, અમદાવાદ-૩૮૦૦૦૧.

૮. ટેન્ડર ફી અને ઇ.એમ.ડી. નીચે જણાવ્યા મજુબ પાર્ટ A ના કવરમાં ડીમાન્ડ ડ્રાફ્ટ MUNICIPAL COMMISSIONER, AHMEDABAD નાં નામે બનાવી આ સાથે સામેલ કરવાની રહેશે. ટેન્ડર ફી અને ઇ.એમ.ડી. ટેન્ડર સાથે અલગ કવરમાં જમા કરાવવાની રહેશે.

| ટેન્ડર નંબર | ઝોનનું નામ | ટેન્ડર ફી (રૂપિયા) | અર્નેસ્ટ મની ડિપોઝીટ (રૂપિયા) |
|---|---|---|---|
| HM/18/2024-25 | દક્ષિણ પશ્ચિમ ઝોન | ૯૦૦/- | ૫૬,૦૦૦/- |

૯. ટેન્ડરના કવર ઉપર સુવાચ્ય શબ્દોમાં ટેન્ડરનો વિષય, ટેન્ડરનો નંબર, ટેન્ડરની છેલ્લી તારીખ અને અન્ય તમામ વિગતો સ્પષ્ટ લખવાનું રહેશે.

૧૦. પ્રિ-બીડ મીટીંગનું સરનામુંઃ
આરોગ્ય અધિકારીશ્રીની ઓફીસ,
પ્રથમ માળ,
આરોગ્ય ભવન,
એસ.ટી. બસ સ્ટેન્ડ સામે,
ગીતા મંદીર, અમદાવાદ.૩૮૦૦૨૨

૧૧. જે તે ટેન્ડરરે સમયમર્યાદામાં કરેલ બીડને આધારે તમામ ટેન્ડરના દસ્તાવેજ મુજબ ટેકનીકલ સ્ક્રુટીની કરવામાં આવશે અને જે પાર્ટી ટેકનીકલી કવાલીફાઇ હશે તે તમામનાં કોર્મશીયલ બીડ ખોલવાની કાર્યવાહી કરવામાં આવશે. કોર્મશીયલ બીડ ખોલવાની બાબતે તમામ ટેન્ડરરને ઇ-મેઇલ મારફતે સમય અને તારીખની જાણ કરવામાં આવશે.

૧૨. સદર ટેન્ડરની અંદાજીત કિમત આશરે **<u>કુલ રૂા. ૨૩ લાખ રહેશે.</u>** (ત્રેવીસ લાખ રૂપિયા)

૧૩. પુર્વ પ્લાનીગ મુજબ ઇન્ડોર રેસીડ્યુઅલ સ્પ્રેની કામગીરીમાં આવરી લેવાના થતા વોર્ડ વાઇઝ અંદાજીત મકાનોની સંખ્યા નીચે મુજબ છે. ખાતાકીય જરૂરીયાત મુજબ જો જરૂર જણાય તો ડે. હેલ્થ ઓફીસરશ્રી (સંલગ્ન ઝોન)ની મંજુરીથી ઇન્ડોર રેસીડ્યુઅલ સ્પ્રેની કામગીરીમાં આવરી લેવાના થતા વોર્ડ વાઇઝ અંદાજીત કુલ રહેણાંક ઘરોની સંખ્યામાં આંતરીક ફેરબદલ કરી શકાશે.

૧૪. ટેન્ડરર દ્વારા કરવાની થતી કામગીરી પુર્ણ પ્લાનીગ મુજબ અંદાજીત મકાનો/ઓરડાઓની વોર્ડ વાઇઝ માહીતી નીચે મુજબ છે. ટેન્ડરમાં દર્શાવેલ મકાના/ઓરડાઓ સિવાય જો કોઇ ચાલી કે સોસાયટી જે પુર્વ પ્લાનીગમાં આવરી લીધેલ નથી તે વિસ્તારમાં આઇ.આર.એસ. છંટકાવની કામગીરી ઝોનલ કક્ષાની જરૂરીયાત મુજબ પ્રતી રાઉન્ડમાં વધારાના મહત્તમ ૫૦૦૦ ઘરોના ઓરડાઓમાં સંલગ્ન ઝોનનાં ડે. મ્યુ. કમિશ્નરશ્રીની પુર્વ મંજુરીથી કરાવી શકાશે.

| ટેન્ડર નોટીસ નં. | ઝોન | વોર્ડ | રહેણાંક મકાન | રહેણાંક મકાનના અંદાજીત ઓરડાઓ | બિન રહેણાંક પ્રિમાઇસિસના અંદાજીત ઓરડાઓ |
|---|---|---|---|---|---|
| HM/18/2024-25 | દક્ષિણ પશ્ચિમ ઝોન | જોધપુર | ૧૯૩૬ | ૫૮૫૦ | ૮૯ પ્રિમાઇસિસના અંદાજીત ૧૧૬૧ ઓરડાઓ |
| | | વેજલપુર | ૪૨૬૮ | ૮૪૮૩ | |
| | | સરખેજ | ૯૩૦૯ | ૧૭૨૬૨ | |
| | | મકત્તમપુરા | ૧૩૧૬૦ | ૨૭૭૬૧ | |
| | | કુલ | ૨૮૬૭૩ | ૫૯૩૫૬ | |
| | | | કુલ ૬૦,૫૧૭ (રહેણાંક+ બિન રહેણાંક ઓરડાઓ) | | |
| **<u>બિન રહેણાંક મકાનો:</u>** સરકારી તથા અ.મ્યુ.કો.ની પ્રિમાઇસીસ જેમ કે આંગણવાડીઓ,મ્યુનિસિપલ સ્કુલો, અર્બન હેલ્થ સેન્ટરો અને પ્રાઇવેટ સ્કુલો વગેરેમાં દવાનો છંટકાવ કરવાનો રહેશે. | | | | | |

૧૫. સદર ટેન્ડરની વેલીડિટી ટેકનિકલ બીડ ઓપન કર્યા તારીખથી ૧૮૦ દિવસની રહેશે.

૧૬. મંજુર થયેલ ટેન્ડરરે તેઓનાં ભાવો મંજુર થયાની જાણ અત્રેની કચેરીએથી ઇમેઇલ મારફતે કરવામાં આવશે, સદર ઇ-મેઇલ કર્યા તારીખથી દિન-૧૫ માં મંજુર થયેલ ભાવ મુજબ કોન્ટ્રકટ પીરીયડ દરમ્યાનની થતી કુલ કિંમતનાં ૫% સીકયોરીટી ડીપોઝીટની રકમ અત્રેની કચેરી ખાતે ભરવાની રહેશે અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના નિયમ મુજબ કોન્ટ્રકટ પેપર પર સહી કરી આપવાની રહેશે. ત્યારબાદ જ અત્રેની કચેરીએથી વર્ક ઓર્ડર આપવામાં આવશે.

૧૭. જો ટેન્ડરરને ઇ-મેઇલ કર્યા બાદ દિન-૧૫ માં ટેન્ડરની સીકયોરીટી ડીપોઝીટ ભરશે નહી કે કોન્ટ્રકટ પેપર રજુ કરશે નહી તો તેની ટેન્ડર સાથે ભરેલ અર્નેસ્ટ મની ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે તેમજ સંસ્થાને બ્લેક લીસ્ટ કરવા સુધીનાં પગલાં લેવામાં આવશે.

૧૮. અત્રેનાં વર્ક ઓર્ડર મુજબ જણાવેલ સમયગાળા દરમ્યાન સંતોષકારક કામગીરી પુર્ણ કર્યાનું સર્ટીફિકેટ ઝોન કક્ષાએથી રજુ થયા બાદ સિક્યુરીટી ડિપોઝીટની રકમ વગર વ્યાજે પરત કરવામાં આવશે. જો કોઇ મંજુર થયેલ ટેન્ડરર સિક્યોરીટી ડિપોઝીટ બેન્ક ગેરંટી સ્વરૂપે જમા કરાવવા માંગતા હોય તો અ.મ્યુ.કો. દ્વારા નિયત કરેલ બેન્ક દ્વારા બેન્ક ગેરંટી આપવાની રહેશે.

૧૯. ટેન્ડરર વેલીડીટીની સમયમર્યાદા દરમ્યાન સ્વેચ્છાએ ટેન્ડર પાછું ખેંચી શકશે નહી તથા કામગીરી સોંપાયા બાદ સંતોષકારક કામગીરી નહી કરનાર અથવા તો કામગીરી અધવચ્ચેથી છોડી દેનાર ટેન્ડરરને જે તે બાબતે ઝોન કક્ષાએથી નોટીસ આપી આનુસંગીક પેનલ્ટીની કાર્યવાહી કરવામાં આવશે તેમજ તેઓની સંસ્થાને બ્લેક લીસ્ટ કરવા સુધીની કાર્યવાહી કરવામાં આવશે.

૨૦. ઉપરોક્ત કામગીરી સાથે સંકળાયેલા જે તે ટેન્ડરરનાં તમામ મેનપાવર તેમજ સુપરવાઇઝરી સ્ટાફને લગતા તમામ આનુષાંગિક ખર્ચાઓની જવાબદારી ટેન્ડરરની રહેશે તથા આ અંગે મ્યુનિસિપલ કોર્પોરેશનની પ્રત્યક્ષ કે પરોક્ષ કોઇપણ જવાબદારી રહેશે નહીં.

૨૧. મંજુર થયેલ ટેન્ડરર પોતાના તાબા હેઠળ મેનપાવર મેળવી કામગીરી કરાવવાની રહેશે, તથા સદર કામ માટે કોઇ પણ જાતના પેટા કોન્ટ્રાકટ આપી શકાશે નહી.

૨૨. ટેન્ડરર દ્વારા ફક્ત ૧૮ વર્ષથી ઉપરના મેનપાવર અને સુપરવાઇઝરો દ્વારા કામગીરી કરાવવાની રહેશે.

૨૩. ટેન્ડરર દ્વારા ટેન્ડર મંજુર થયાથી કામગીરી શરૂ કરતા પહેલા તમામ મેનપાવર તેમજ સુપરવાઇઝરને જેતે ઝોનના ડે. હેલ્થ ઓફીસરશ્રીની સુચના મુજબ એજન્સીનાં ખર્ચે જણાવેલ જગ્યાએ ટ્રેનીગમાં હાજર રાખવાનાં રહેશે,જે બાબતે અ.મ્યુ.કો દ્વારા કોઇ પણ પ્રકારનું ભથ્થું ચુકવવામાં આવશે નહી.

૨૪. ટેન્ડરર દ્વારા આ કામગીરી માટે લાગુ પડતાં તમામ કાયદાઓ-નિયમો, મેનપાવરને લગતા કાયદાઓની તમામ જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે તથા જરૂરીયાત અનુસારનાં જે તે સરકારી વિભાગોનાં રજીસ્ટ્રેશન, લાયસન્સ વિગેરે મેળવવાની જવાબદારી તથા તે અંગેના ખર્ચ વિગેરેની સંપુર્ણ જવાબદારી જે તે ટેન્ડરરની રહેશે અને તે અંગે મ્યુનિસિપલ કોર્પોરેશનની કોઇ જવાબદારી રહેશે નહી.

૨૫. ટેન્ડરરે સદરહું કામગીરી માટે મેનપાવરના લેવા પડતા તમામ જરૂરી વીમા લેવાના રહેશે.

૨૬. સદર કામગીરી રોગચાળાની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વર્ક ઓર્ડર મળ્યેથી મહત્તમ છ (૬) માસ માટે બે રાઉન્ડમાં ત્રણ માસના સમયાંતરે કામગીરી કરાવવાની રહેશે.

૨૭. સદરહું ટેન્ડરમાં સોંપવામાં આવેલ તમામ વિસ્તારના મકાનોમાં ઈન્ડોર રેસીડ્યુઅલ સ્પ્રેની કામગીરી ટ્રેનીગમાં જણાવ્યા મુજબ સંતોષકારક રીતે કરવાની રહેશે અને કામગીરી સંદર્ભે કોઇ મકાન માલીક દ્વારા મેનપાવર સામે ગેરવર્તણુંક કે અન્ય કોઇ ફરીયાદ કરવામાં આવશે તો તે અંગેની તમામ જવાબદારી જે તે ટેન્ડરરની રહેશે.

૨૮. ઉપરોક્ત કામગીરી દરમ્યાન જો કોઇ ટીમ/મેનપાવર રજા ઉપર હોય તો અન્ય મેનપાવરને તાત્કાલીક ધોરણે જે તે વિસ્તારમાં પુરા પાડવાનાં રહેશે.

૨૯. વોર્ડમાં કામગીરી માટે સોંપવામાં આવતા વિસ્તારમાં જવા આવવાની વ્યવસ્થા ટેન્ડરર દ્વારા કરવાની રહેશે તેમજ કામગીરી દરમ્યાન ટેન્ડરરના સ્ટાફ તથા વોર્ડ સુપરવાઇઝર તમામને ટેન્ડરરનું આઈડેન્ટી દર્શાવતુ આઇકાર્ડ ફરજીયાત પહેરવાનું રહેશે.

૩૦. ટેન્ડરર દ્વારા દીવસ પ્રમાણે વોર્ડ વાઇઝ મુકવાની થતી સ્પ્રેયર ટીમ વગેરેની તમામ વિગત સાથેનું ઝોનલ લેવલે ડે. હેલ્થ ઓફીસરશ્રીને મંજુર કરાવેલ ટાઇમ ટેબલ મુજબ વોર્ડ દીઠ એક વોર્ડ સુપરવાઇઝર સોંપવામાં આવેલ કામગીરીનાં સુપરવિઝન, સંકલન અને રીપોર્ટીંગ માટે રાખવાનો રહેશે.

૩૧. જે તે ટેન્ડરરે સદર કામગીરી અંતર્ગત ઈન્ડોર રેસીડયુઅલ સ્પ્રે માટે મંજુર પંપ આઇ.એસ.આઇ. માર્કાવાળા, એસ.એસ.ના ફલેટ ફેન નોઝલ તથા લાન્સ ગુજ નેકની ગુણવત્તા ધરાવતા હોવા જોઇએ તથા આ તમામ સાધનો જેમકે સ્પ્રેયર પંપ/હેન્ડ કમ્પ્રેસન પંપ તથા અન્ય સાધનોની ગુણવત્તા ભારત સરકારશ્રીના NCVBDC ગાઇડલાઇન મુજબના માન્યતા ધરાવતા હોવા જોઇએ અને કામગીરી પુરી થતા સુધી એ જ ગુણવત્તા જાળવી રાખવાની રહેશે.

૩૨. સદરહું ટેન્ડરની કામગીરીમાં NCVBDC ગાઇડલાઇન મુજબના મંજુર થયેલ સ્પ્રેયર પંપથી કામગીરી કરવાની રહેશે પરંતુ ટેન્ડરર ટેન્ડરના સમયગાળા દરમ્યાન જો અન્ય આઇ.આર.એસ. કામગીરી માટેનો માન્યતા પ્રાપ્ત સ્પ્રેયર પંપનો ઉપયોગ કરવા માંગતા હોય તો આરોગ્ય અધિકારી સમક્ષ જરૂરી ડેમોન્સ્ટ્રેશન આપી તેઓની પુર્વ મંજુરી મેળવ્યા બાદજ અન્ય સદરહુ કામગીરી માટેનો માન્ય સ્પ્રેયર પંપનો ઉપયોગ કરી શકશે.

૩૩. વોર્ડ સુપરવાઇઝરની કામગીરીઃ

- દૈનિક ધોરણે હાજર મેનપાવરની વોર્ડ કક્ષાએથી ઓનલાઇન હાજરી પુરાવવી, તમામ મેનપાવરને ટાસ્ક આપી જણાવેલ વિસ્તારમાં જરૂરી સાધન સામગ્રી સાથે કામગીરી માટે સમયસર મોકલવા.
- તેઓને સોંપવામાં આવેલ કામગીરીનું સઘન સુપરવિઝન કરવું અને ટેન્ડરમાં જણાવ્યા મુજબ જે તે પ્રકારની કરેલ કામગીરીના મોબાઇલ એપ્લીકેશનનમાં જણાવ્યા અનુસાર ફોટો અને સર્ટીફીકેટ અપલોડ કરવાના રહેશે.
- વોર્ડના તમામ મેનપાવર દ્વારા કરવામાં આવેલ કામગીરીના અંતે દૈનિક ધોરણે થયેલ ઈન્ડોર રેસીડ્યુઅલ સ્પ્રે સમરી રીપોર્ટ સમયમર્યાદામાં મોબાઇલ એપ્લીકેશનમાં અપલોડ કરવાનો રહેશે અને વોર્ડનાં મેલેરીયા સબ ઈન્સ્પેકટરને જાણ કરવાની રહેશે.

૩૪. મંજુર થયેલ ટેન્ડરરના સ્પ્રેયર ટીમ દૈનિક ધોરણે ફરજના સમયે હાજર થયેથી જેતે વોર્ડ ઓફીસ ખાતે અચુક પણ હાજરીની નોંધ કરવાની રહેશે અને પ્રતી સ્પ્રેયર ટીમ દીઠ દૈનિક ધોરણે કરેલ કામગીરીના ઓછામાં ઓછા ૧૫ ફોટો મોબાઇલ એપ્લીકેશનમાં ઓનલાઇન ફરજીયાત અપલોડ કરવાના રહેશે. તથા તેઓને ફાળવેલ વિસ્તારમાં એક દિવસમાં વધુમાં વધુ ૧૦૦ ઘરોમાં સ્પ્રેની કામગીરી કરી શકાશે. સદર કામગીરી માટેની મોબાઇલ એપ્લીકેશન અ.મ્યુ.કો દ્વારા પુરી પાડવામાં આવશે.

૩૫. ટેન્ડરર દ્વારા વોર્ડ દીઠ સુપરવાઇઝર સહીત જરૂરીયાત મુજબની સ્પ્રેયર ટીમ રાખવાની રહેશે. ટેન્ડરર એક વોર્ડની કામગીરી પુર્ણ કર્યા બાદ બીજા વોર્ડની કામગીરી શરૂ કરી શકશે પરંતુ ઝોનની તમામ કામગીરીનો દરેક રાઉન્ડ મહત્તમ ત્રણ મહીનામાં પુર્ણ કરવાનો રહેશે. જેતે ઘર કે વિસ્તારમાં બે રાઉન્ડ આઇ.આર.એસ. કામગીરી સ્પ્રે કરવાની વચ્ચે ત્રણ માસનો સમયગાળો હોવો ફરજીયાત છે. દરેક સ્પ્રેયર ટીમ દીઠ ત્રણ કર્મચારી રાખવાના રહેશે. આ ત્રણ કર્મચારી પૈકી એક કર્મચારીએ સ્પ્રે કરવાની કામગીરી બીજા કર્મચારીએ તાડપત્રી પાથરવાની તેમજ અન્ય સંલગ્ન કામગીરી તથા ત્રીજા કર્મચારીએ મોબાઇલ એપ્લીકેશનમાં ફોટા ઓનલાઇન અપલોડ, માર્કીંગ, રેર્કોડીંગ, આગળના ઘરને જાણ કરી સ્પ્રે માટે જરૂરી સગવડની કામગીરી કરવાની રહેશે.

૩૬. સદરહું કામગીરીમાં બંધ ઓરડા(રૂમ)ને તથા જે વ્યક્તિ દવા છંટકાવ કરવા સંમતી ન દર્શાવે તે ઓરડા (રૂમ)ને ગણતરીમાં લેવામાં આવશે નહી.

૩૭. દર માસની કામગીરીનાં અંતે કરેલ કામગીરીના પુરેપુરા બીલો ટેન્ડરરે પછીનાં માસની ૧૦ તારીખ સુધીમાં રજુ કરી દેવાનાં રહેશે. જે તે વોર્ડનાં મેલેરીયા સબ ઈન્સપેક્ટર દ્વારા સંતોષકારક કામગીરીના સર્ટીફિકેટ, મોબાઇલ એપ્લીકેશનમાં અપલોડ કરેલ ફોટાને ધ્યાને લઇ તથા ટેન્ડરની પેનલ્ટીની શરતો મુજબ અમલીકરણ કરી પેમેન્ટ અર્થે કાર્યવાહી કરવાની રહેશે. જે તે વોર્ડનાં મેલેરીયા સબ ઈન્સપેક્ટરએ વહીવટી સરળતા ખાતર વોર્ડ વાઇઝ અથવા આસી. મ્યુ. કમિશનરશ્રી - સબ ઝોન વાઇઝ અથવા ઝોનલ લેવલે બીલ બનાવી , જેતે વોર્ડના આસી. મ્યુ. કમિશ્નરશ્રી મારફતે ઝોનલ ડે. મ્યુનિસપિલ કમિશનરશ્રીની મંજુરી મેળવી ટેન્ડરની શરતો મુજબ પેમેન્ટની કાર્યવાહી કરવાની રહેશે.

૩૮. ટેન્ડરરના વોર્ડ સુપરવાઇઝર કામગીરી માટે રાખેલ તમામ કામદારોની હાજરી તથા કામગીરી દરમ્યાન રોજે રોજ સાંજે ફરજનાં સમય મર્યાદામાં કરેલ કામગીરીની સંપૂર્ણ માહિતી/ પત્રકો/ નોંધબુક તારીજા સાથે ભરીને તથા વોર્ડ ઓફિસથી આપવામાં આવતી દવાના વપરાશની માહિતી સાથે વધેલી દવા તેમજ અન્ય વિગતો જે તે વોર્ડના મેલેરીયા સબ ઈન્સ્પેક્ટરને સાંજે ૬ કલાક સુધીમાં આપવાની રહેશે. જો સમયમર્યાદામાં માહીતી પુરી પાડવામાં નહી આવે તો એ દિવસની કામગીરી માન્ય રાખવામાં આવશે નહી.

૩૯. અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા પુરા પાડવામાં આવેલ ઈન્સેકટીસાઇડ, રેકર્ડબુક અને આઇ.ઇ.સી. પત્રીકા વિગેરે તેમજ અન્ય સાધન સામગ્રીની કોઇ પણ મેનપાવર નુકશાન/ચોરી/દુરઉપયોગ કરશે અથવા જણાશે તો તેની સંપુર્ણ કિંમત એજન્સી પાસેથી તેઓને ચુકવવાના બીલની રકમમાંથી અથવા જમા રાખેલ સીક્યુરીટી ડીપોઝીટમાંથી વસુલ કરવામાં આવશે.

૪૦. જે તે વોર્ડનાં મેલેરીયા સબ ઈન્સ્પેકટરે દૈનિક ધોરણે સ્પ્રેયર ટીમ દ્વારા કરેલ મોબાઇલ એપ્લીકેશનની એન્ટ્રીની કામગીરી અંતર્ગત કુલ કરેલ એન્ટ્રીની ચકાસણી, દિવસનાં અંતે કરવામાં આવેલ કામગીરીનો રીર્પોટ અને વિસ્તારનાં સર્ટીફિકેટ વિગેરે એકત્રિત કરી તમામ રેકોર્ડ નિભાવી મહીનાના અંતે કરેલ કામગીરીના સંતોષકારક સર્ટીફિકેટ સાથે ઝોન કક્ષાએ ઉપરી અધિકારી મારફતે રજુ કરવાના રહેશે.

૪૧. જો એપ્લીકેશનમાં કોઇ તકનીકી ખામીના કારણોસર બંધ હશે અથવા તો કામ ના કરતી હોય તો વોર્ડના મેલેરીયા સબ ઈન્સ્પેકટરએ ઝોનનાં મેલેરીયા સુપરવાઇઝર દ્વારા જુની.આસી.એન્ટોમોલોજીસ્ટશ્રીને જાણ કરવાની રહેશે તેમ છતાં એન્ટ્રીમાં ખામી જણાતી હોય તો સર્ટીફીકેટ લેવાના રહેશે જે મુજબનું પેમેન્ટ ઝોનલ કક્ષાએથી કરવાનું રહેશે.

૪૨. વોર્ડ તથા ઝોનલ કચેરીનાં સુપરવિઝન દરમ્યાન જો કોઇ મેનપાવર દ્વારા કામગીરી અથવા સ્થળ સિવાયના અન્ય સ્થળેથી ફોટોગ્રાફ અપલોડ કરવામાં આવેલ હશે તો જે તે ટેન્ડરરની જવાબદારી રહેશે અને ઉપરોકત બાબત ધ્યાને આવશે તો તે મેનપાવરને સોંપવામાં આવેલ વિસ્તારની તે દિવસની સંપુર્ણ કામગીરીનું પેમેન્ટ ચુકવવામાં આવશે નહી.

૪૩. સૌથી ઓછા ભાવનું ટેન્ડર કે કોઇપણ ટેન્ડર અથવા તેના ભાગો સ્વીકારવા કે નહિ તેનો સંપુર્ણ હકક મ્યુનિસિપલ કમિશનરશ્રીનો રહેશે અને તે માટે કોઇ પણ કારણ આપવામાં આવશે નહી અને કોન્ટ્રાકટના સમય દરમ્યાન અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તથા ટેન્ડરર વચ્ચે ઉભા થતાં કોઇ પણ વિવાદ માટે મ્યુનિસિપલ કમિશનરશ્રી નો નિર્ણય આખરી ગણાશે.

૪૪. અમદાવાદ મ્યુ.કોર્પોરેશન દ્વારા ઇન્ડોર રેસીડ્યુઅલ સ્પ્રેની કામગીરી માટે તમામ અલગ અલગ ઝોન માટે અલગ અલગ ટેન્ડરની પ્રકીયા હાથ ધરવામાં આવેલ છે, જો કોઇ ટેન્ડરર L1 (લોએસ્ટ) તરીકે ત્રણથી વધારે ઝોનમાં આવશે તો વધારાનાં ઝોનમાં કામગીરી સોંપવા બાબતે આખરી નિર્ણય માન. મ્યુનિ.કમિશનરશ્રીનો રહેશે. તદ્ઉપરાંત જો કોઇ ક્વાલીફાઇ થયેલો ટેન્ડરર તે જ L1 (લોએસ્ટ) કિંમતથી કામગીરી કરવા માટે તૈયાર હશે તો ઉપરોક્ત તમામ વિગત ધ્યાને લઇ જે તે ટેન્ડરરને જે તે ઝોનની કામગીરી સોંપવા આખરી નિર્ણય માન. મ્યુનિ.કમિશનરશ્રીનો રહેશે, જે તમામ ટેન્ડરરશ્રીઓને બંધનકર્તા રહેશે.

**૪૫.** સદરહું કામગીરી દરમ્યાન ઝોન કક્ષાએથી અથવા વોર્ડ કક્ષાએથી સુપરવિઝન દરમ્યાન ટેન્ડરરની ખરાબ કામગીરી જેવી કે વિસ્તારમાં દવાનો છંટકાવ ન કરવો તે વિસ્તારમાં કામગીરી ન થયાની ફરીયાદો આવવી, મેનપાવર દ્વારા વિસ્તારમાં અધુરી કામગીરી કરેલ હોય જેવી કામગીરીમાં બેદરકારી જણાઇ આવેથી ટેન્ડરરને નોટીસ આપવામાં આવશે અને પેનલ્ટી વસુલ કરવામાં આવશે, તે બાદ પણ વારંવાર નોટીસ અને પેનલ્ટી કરવા છતાં પણ કામગીરીમાં સુધારો ન જણાય તો ટેન્ડરરની ખરાબ કામગીરી બદલ મહત્તમ પેનલ્ટી વસુલ કરી ઇ.એમ.ડી./ સીક્યોરીટી ડીપોઝીટની રકમ જપ્ત કરી તેઓને બ્લેકલીસ્ટ કરવા સુધીની કાર્યવાહી પણ કરી શકાશે, જે અંગે કોઇ વિવાદ ધ્યાનમાં લેવામાં આવશે નહી તથા તે બાબત ટેન્ડરરને માન્ય રહેશે.

**૪૬.** સદર ટેન્ડરને લગતાં કોઈપણ વાદ-વિવાદ માટેનું કાયદાકીય કાર્યક્ષેત્ર અમદાવાદ શહેર કોર્ટ વિસ્તાર રહેશે.

**૪૭.** ટેન્ડરર દ્વારા આ કામગીરી માટેના પ્રર્વતમાન લાગુ પડતાં તમામ કાયદાઓ-નિયમો, મેનપાવર સપ્લાયને લગતા કાયદાઓની તમામ જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે તથા જરૂરીયાત અનુસાર જે તે સરકારી વિભાગોનાં રજીસ્ટ્રેશન, લાયસન્સ વિગેરે મેળવવાની જવાબદારી તથા તે અંગેના ખર્ચાઓની વિગેરેની સંપુર્ણ જવાબદારી ટેન્ડરરની રહેશે અને તે અંગે મ્યુનિસિપલ કોર્પોરેશની કોઇ જવાબદારી રહેશે નહી.

**૪૮.** સદરહુ કામગીરી કેન્દ્ સરકારના GST અંગે Government of India, Ministry of Finanace (Department of Revenue) ના નોટીફીકેશન નંબર 8/2017 તથા 9/2017 dated: 28th June-2017 મુજબ બંધારણ TWELTH SCHEDULE (ARTICLE 243 W) અને અ.મ્યુ.કો.ના નાણાંખાતાનાં <u>સરકયુલર નંબર ૨૮ તા. ૦૩.૦૭.૨૦૧૭</u> મુજબ મળતી આવક GSTને પાત્ર થતી નથી.

**૪૯.** ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ પહેલા અ.મ્યુ.કો કોઇ પણ કારણસર અથવા ટેન્ડરરની ક્લેરીફીકેશન રીક્વેસ્ટ મુજબ ટેન્ડર ડોક્યુમેન્ટમાં CORRIGENDUM/ADDENDUM કરી શકશે આ પ્રકારનાં CORRIGENDUM/ADDENDUM માટે તમામ બીડરોએ ઓનલાઇન વેબસાઇટની નિયમીત પણે મુલાકાત લેવાની રહેશે.

**૫૦.** ટેન્ડરર બીજા અન્ય પાર્ટીને ટેન્ડર ડોક્યુમેન્ટ ટ્રાન્સફર કરી શકશે નહી.

**૫૧.** નીચેનાં તમામ કીસ્સાઓમાં ઇ.એમ.ડી ની રકમ જપ્ત કરવામાં આવશે.
- જો બીડ વેલીડીટી ની સમયમર્યાદા માં ટેન્ડરર ટેન્ડર પરત ખેંચે તો.
- જો ટેન્ડરર સમયમર્યાદા માં સિક્યુરીટી ડીપોઝીટ નાં ભરી શકે તો.
- જો ટેન્ડરર દ્વારા અ.મ્યુ.કો સાથે કોઇ પણ પ્રકારની છેતરપીડી કરવાનાં કીસ્સામાં સાબિત થશે તો.

**૫૨.** આ કામગીરી અંગે મળેલ ટેન્ડરોના ભરેલ ભાવો પૈકી સૌથી ઓછા ભાવ આપેલ એજન્સીના ટેન્ડરને સ્વીકારવું કે નહી તેનો સંપુર્ણ અબાધીત અધિકાર મ્યુનિસિપલ કમિશ્નરશ્રીનો રહેશે અને તે માટે કોઇપણ કારણ આપવામાં આવશે નહી. એજન્સીની કામગીરીના સમય દરમ્યાન અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તથા એજન્સી વચ્ચે ઉભા થતાં કોઇપણ વિવાદ માટે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીનો નિર્ણય આખરી ગણાશે.

**૫૩.** જે તે ટેન્ડરર પોતાની કામગીરીની કાર્યક્ષમતા મુજબ જણાવેલ ઝોનની કામગીરી માટે ટેન્ડર ભરી શકશે. અમદાવાદ શહેરમાં કોઇપણ વોર્ડમાં આકસ્મીક કારણોસર જરૂરીયાત જણાય તે મુજબ કામગીરીમાં મ્યુનિ.કોર્પોરેશન ફેરફાર કરી શકશે.

**૫૪.** અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન દ્વારા નાણાંકિય લાભો જેવા કે ગ્રેજ્યુટી, પ્રોવીડન્ટ ફંડ, માંદગી રજા, હક્ક રજા, તબીબી સારવાર જેવી સુવિધા, એજન્સી દ્વારા રાખેલ મેનપાવરોને મળી શકશે નહી તથા મ્યુનિ.કોર્પો.માં નોકરીમાં કાયમ કરવા માટે કોર્ટમાં હક્ક દાવો કરી શકશે નહી.

**૫૫.** બોમ્બે સ્ટેમ્પ રૂલ્સ એક્ટ ૧૯૫૮, એપેન્ડીક્સ ૧, આર્ટીકલ ૫ મુજબ કવાલિફાય બીડર ને ૩૦૦ રૂા.ના સ્ટેમ્પ સાથે અ.મ્યુ.કો.નાં કરાર પત્ર ભરવાના રહેશે.

**૫૬.** પેમેન્ટ બાબતે બેન્ક એકાઉન્ટની વિગત જેવી કે બેન્કનું નામ, શાખા, એકાઉન્ટ નંબર, બેન્કનો એમ.આઇ.સી.આર.નંબર, બેંકનો આઇ. એફ. એસ. સી. કોડ અને પરમેનન્ટ એકાઉન્ટ નંબરની વિગતો સાથે કેન્સલ ચેક આપવી ફરજીયાત છે.

**૫૭.** ટેન્ડરની ટેકનિકલ સ્કુટીની દરમ્યાન સંલગ્ન ડોક્યુમેન્ટની જો કોઇ જરૂરીયાત જણાશે તો જે તે ટેન્ડરરને ઇ-મેઇલ મારફતે જાણ કરવામાં આવશે જે ડોક્યુમેન્ટ સમય મર્યાદામાં પુરા પાડવાનાં રહેશે.

## કવાલીફીકેશન ક્રાઇટેરીયાઃ-

૧. ટેન્ડરરનું છેલ્લા ત્રણ નાણાંકીય વર્ષ જેમ કે ૨૦૨૧-૨૨, ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪નું અંદાજીત ત્રણ વર્ષનું સરેરાશ ટર્નઓવર ટેન્ડરની અંદાજીત રકમના મિનીમમ ૩૦% હોવું જોઇએ તે સિવાયના ટેન્ડરો રદ્દ ગણવામાં આવશે. સદરહું બાબતે તમામ સંલગ્ન ડોક્યુમેન્ટસ સી.એ. (ચાર્ટડ એકાઉન્ટટ) ના સર્ટીફિકેટની નોટરાઇઝડ કોપી સાથે રજુ કરવાની રહેશે.

૨. ટેન્ડરર પાસે છેલ્લા ૭ વર્ષના સમયગાળા દરમ્યાન કોઇ પણ **<u>સરકારી/ અર્ધ સરકારી/ ખાનગી સંસ્થામાં ઇન્ડોર રેસીડ્યુઅલ સ્પ્રેની કામગીરીનો</u>** અનુભવ ધરાવતો હોવો જોઇએ.જે અંગેનાં મળેલા વર્કઓર્ડરની કોપી, સંતોષકારક કામગીરીનાં સર્ટીફિકેટ અને જે અંગેનાં મેળવેલ પેમેન્ટનાં આધારભુત પુરાવા સાથે અન્ય સંલગ્ન ડોકયુમેન્ટની નોટોરાઇઝડ કોપી પુરાવારૂપે રજુ કરવાની રહેશે. તથા જેતે કામની અંદાજીત રકમ નીચ મુજબમાંથી કોઇ એક હોવો જોઇએ.

A. ટેન્ડરર કોઇ પણ **<u>સરકારી/ અર્ધ સરકારી/ ખાનગી સંસ્થામાં ઇન્ડોર રેસીડ્યુઅલ સ્પ્રેની કામગીરીના કુલ ત્રણ કામ અને કરેલ તે દરેક કામગીરીની કિંમત સદરહુ ટેન્ડરનાં કુલ અંદાજીત રકમના ૪૦% કે તેથી વધુ</u>** હોવી જોઇએ.

-અથવા-

B. ટેન્ડરર કોઇ પણ **<u>સરકારી/ અર્ધ સરકારી/ ખાનગી સંસ્થામાં ઇન્ડોર રેસીડ્યુઅલ સ્પ્રેની કામગીરીના કુલ બે કામ અને કરેલ તે દરેક કામગીરીની કિંમત સદરહુ ટેન્ડરનાં કુલ અંદાજીત રકમના ૫૦% કે તેથી વધુ</u>** હોવી જોઇએ.

-અથવા-

C. ટેન્ડરર કોઇ પણ **<u>સરકારી/ અર્ધ સરકારી/ ખાનગી સંસ્થામાં ઇન્ડોર રેસીડ્યુઅલ સ્પ્રેની કામગીરીના કુલ એક કામ અને કરેલ તે કામગીરીની કિંમત સદરહુ ટેન્ડરનાં કુલ અંદાજીત રકમના ૮૦% કે તેથી વધુ</u>** હોવી જોઇએ.

૩. ટેન્ડરર પાસે ઇન્ડોર રેસીડ્યુઅલ સ્પ્રેની કામગીરી માટે વપરાશમાં આવનાર જંતુનાશક દવાનાં ઉપયોગ તથા સંગ્રહ માટેનું સરકાર માન્ય ઇન્સેકટીસાઇડ બોર્ડ દ્વારા આપવામાં આવતું લાયસન્સ વર્તમાન ધોરણે અવશ્ય ચાલુ હોવું જોઇએ અને તેની કોપી સાથે રજુ કરવાની રહેશે.

૪. ટેન્ડરર પાસે કોઇ પણ એક પેસ્ટ કંટ્રોલ એસોસીએશન જેવા કે આઇ.પી.સી.એ./પી.સી.એ.આઇ./ પી.એમ.એ./ એન.પી.એમ.એ./ આઇ.પી.એસ.એ./એ.પી.એમ.એ. વિગેરેનું અધિકૃત અને પ્રમાણભુત સભ્યપદ હોવા જોઇએ તેમ જ સદરહું સભ્યપદ હાલમાં ચાલુ હોવું જોઇએ અને તેની કોપી સાથે રજુ કરવાની રહેશે.

૫. ટેન્ડરર પાસે ઇ.એસ.આઇ.સી. અથવા વર્ક મેન્સ કંપનસેશન ઇન્સ્યોરન્સ સ્કીમમાં જોડાણ અથવા ઇ. પી. એફ. નો ફાળો નિયમીત ભરતા હોય તો તે માટે ઇ. પી. એફ. પોર્ટલનો સર્ટીફિકેટ હોવું જોઇએ અને તેની કોપી સાથે રજુ કરવાની રહેશે.

૬. ટેન્ડરરએ ધી એપ્રેન્ટીસ એક્ટ ૧૯૬૧ અન્વયે તેઓનું એમ્પલોયેર- નોકરીદાતા તરીકે રજીસ્ટ્રેશન કરાવેલ છે તેનો આધારભુત પુરાવો અવશ્ય રજુ કરવાનો રહેશે.

૭. લેબર લાયસન્સ કામગીરી શરુ કર્યાના ત્રીસ દિવસની અંદર રજુ કરવાનુ રહેશે.

૮. ટેન્ડરર સબમિશનની નિયત તારીખના સમયે બીડરને ભારતમાં કોઇપણ સરકારી/જાહેર ક્ષેત્રની એન્ટિટી દ્વારા બ્લેક લીસ્ટ કરવામાં આવેલ ન હોવા અંગેનું સોગંદનામું/પ્રમાણપત્ર રજુ કરવાના રહેશે.

**પેનલ્ટીની શરતોઃ-**

૧. ટેન્ડરમાં આપવામાં આવેલ રહેણાંક વિસ્તારના તમામ લક્ષીત ઘરોની કામગીરીના સમયગાળામાં મુલાકાત લીધેલ નહી હોય તો તેટલા મુલાકાત લેવાના **બાકી રહેલ મકાન દીઠ *રૂ.૧૦ (દસ) લેખે પેનલ્ટી*** *કરવામાં આવશે.*

૨. સદર કામગીરી ચેક કરતા જે ટીમની કામગીરી નબળી/અધુરી/ ખોટી માર્કીગ અને સંપુર્ણ ટીમ કે ટીમનો કોઇ પણ સભ્ય કામગીરી છોડીને જતા રહેલ માલુમ પડશે તો **ટીમ દીઠ દૈનિક રૂ.૫૦૦/-** પેનલ્ટી કરવામાં આવશે. આવા જેટલા બનાવ બનશે તે માસના બીલમાંથી તેટલી બનાવ દીઠ પેનલ્ટી વસુલ કરવામાં આવશે.

૩. સદર કામગીરી ચેક કરતા જે ટીમની કામગીરી દરમ્યાન જે તે વિસ્તારમાં આગળના દિવસમાં જાણ ના કરેલ હોય તો **ટીમ દીઠ દૈનિક રૂ.૨૫૦/- પેનલ્ટી** કરવામાં આવશે.આવા જેટલા બનાવ બનશે તે માસના બીલમાંથી તેટલી બનાવ દીઠ પેનલ્ટી વસુલ કરવામાં આવશે.

૪. સદર કામગીરી ચેક કરતા ટીમ સાથે ટેકનીકલી એપ્રુવ્ડ સ્પ્રેયર પંપ, નોઝલ ટીપ, દવા બનાવવા માટે વપરાશમાં લેવાતી ડોલ(૧૦ લીટર ની માર્કીગ વાળી),ગરણી, ૧ લીટરનું માર્કીગ વાળુ માપીયુ, આશરે ૧૦×૧૦ ફુટ સાઇઝની બે સાઇડ અલગ-અલગ કલર વાળુ પ્લાસ્ટીક સીટ, રેકોર્ડબુક,પેન,પેન્સિલ તેમજ અન્ય સાધનસામગ્રી ટીમ પાસે ઉપલબ્ધ નહી હોય તો વસ્તુ તેમજ **ટીમ દીઠ દૈનિક રૂ.૨૫૦/- પેનલ્ટી** કરવામાં આવશે.

૫. સદર કામગીરી ચેક કરતા ટીમ સાથે ટેકનીકલી એપ્રુવ્ડ સ્પ્રેયર પંપની વર્કિંગ કંડીશનુ અને તેનું ડિસ્ચાર્જ રેટ જો યોગ્ય નહી જણાશે તો **ટીમ દીઠ દૈનિક રૂ.૫૦૦/- પેનલ્ટી** કરવામાં આવશે.

૬. દવાની આડઅસર ન થાય તે હેતુથી પ્રોટેક્ટીવ કલોથ્સ વિગેરે પહેરવા અને એજન્સી/ ઓપરેટરનું આઈડેન્ટી દર્શાવતુ આઇ.કાર્ડ પહેરવું ફરજીયાત છે. સુપરવીઝન દરમિયાન જો કોઇ કામદાર અથવા ટીમ મેમ્બર તે વગરનાં કામ કરતા જણાશે તો **પ્રતિ મેમ્બર દીઠ દૈનિક રૂ.૫૦/- પેનલ્ટી** કરવામાં આવશે.

૭. જો વોર્ડ સુપરવાઇઝર હાજર રહેલ ન હોય તેવા કિસ્સામાં અન્ય સુપરવાઇઝરની વ્યવસ્થા કરવાની રહેશે, જો અન્ય સુપરવાઇઝરની વ્યવસ્થા થયેલ નહિ હોય તો **પ્રતિ દિન સુપરવાઇઝર દીઠ રૂ.૫૦૦/- પેનલ્ટી** પેટે વસુલ કરવામાં આવશે.

૮. ટેન્ડરર દ્વારા દીવસ પ્રમાણે વોર્ડ વાઇઝ મુકવાની થતી સ્પ્રેયર ટીમ વગેરેની તમામ વિગત સાથેનું ઝોનલ લેવલે ડે. હેલ્થ ઓફીસરશ્રીને મંજુર કરાવેલ ટાઇમ ટેબલ જો સ્પ્રેયર ટીમ રાખવામાં નહી આવશે તો **ગેરહાજર રહેલ ટીમ દીઠ દૈનિક રૂ.૧૦૦૦/- પેનલ્ટી** કરવામાં આવશે.

૯. ટેન્ડરની શરતો મુજબ જો કોઇ મેનપાવર દ્વારા દૈનિક ધોરણે મોબાઇલ એપ્લીકેશનમાં ઓનલાઇન અપલોડ કરવાના થતા ૧૫ ફોટોગ્રાફ પૈકી જેટલા ઓછા ફોટોગ્રાફ અપલોડ કરવામાં આવશે તો **પ્રતી ફોટો દીઠ રૂ.૧૦૦/- પેનલ્ટી** વસુલ કરવામાં આવશે.

૧૦. ટેન્ડરર દ્વારા વર્ક ઓર્ડર ઈસ્યુ કર્યાના ૭ દિવસ પછી (બફર પીરીયડ) વોર્ડમાં સુચવેલ સુપરવાઈઝર, સ્પ્રેયર ટીમ અને સ્પ્રેયર પંપ જો પુરા પાડવામા ન આવે તો ઉપરની તમામ શરતોની પેનલ્ટી વર્ક ઓર્ડર ઈસ્યુ કર્યાના ૮ માં દિવસથી કરવામાં આવશે.

મેં / અમે ટેન્ડર ફોર્મમાં જણાવેલ તમામ વિગત ખરી છે તેની ખાતરી આપીએ છીએ તથા ટેન્ડર અંગેના તમામ નિયમો અને શરતો મેં / અમે વાંચ્યા છીએ, સમજ્યા છીએ અને મને / અમોને કબુલ-મંજુર અને બંધનકર્તા રહેશે. આ બાબતે હું કોઈપણ વાદ-વિવાદ કે અપીલ કરીશ નહી.

તા.............. ટેન્ડરર ની સહી/સીક્કો.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
વાહકજન્ય રોગચાળો અટકાયતી શાખા - હેલ્થ વિભાગ
પ્રથમ માળ, આરોગ્ય ભવન, એસ.ટી. બસ સ્ટેન્ડ સામે, ગીતા મંદીર, અમદાવાદ.૩૮૦૦૨૨
(ટે.નં. ૯૭૨૬૪ ૧૬૧૩૨) E-mail:entomologist.amc@gmail.com

## ઈ- ટેન્ડર નોટીસ નં.- HM/18/2024-25

# ટેન્ડર ફોર્મ

**ખાસ સૂચના :- સદર ટેન્ડર ફોર્મ, ઈ.એમ.ડી., ટેન્ડરફી, અનુભવની વિગતો, લાયકાત અંગેનાં પુરાવા વિગેરે સહિત ટેન્ડર શરતોમાં જણાવેલ તમામ માહિતી/પુરાવા રજુ કરવાના રહેશે.**

મેલેરીયા નાબુદી કાર્યક્રમ હેઠળ ઘરે ઘરે જઈને અમદાવાદ મ્યુ. કોર્પોરેશનના દક્ષિણ પશ્ચિમ ઝોનના જુદા જુદા કુલ ૪ વોર્ડમાં ઘરે ઘરે ફરીને ઇન્ડોર રેસીડ્યુઅલ સ્પ્રેની કામગીરી કરવા માટે રસ ધરાવતા જાણકાર ટેન્ડરર પાસેથી કામગીરી કરાવવા અંગેનું ટેન્ડર.

| | |
|---|---|
| Online Tender Submission up to: - | Dt. 02/04/2025 up to 18.00 pm |
| Physical Tender Submission up to: - | Dt. 04/04/2025 up to 5.00 pm |
| Tender Opening Time & Date: -<br>(Only Technical Bid) | Dt. 05/04/2025 up to 11.00 am onwards |

| ક્રમ નં. | ટેન્ડર નંબર | ઝોનનું નામ | કામની વિગત | ટેન્ડર ફી (રૂપિયા) | અર્નેસ્ટ મની (રૂપિયા) |
|---|---|---|---|---|---|
| ૧. | HM/18/ 2024-2025 | દક્ષિણ પશ્ચિમ ઝોન | સમગ્ર દક્ષિણ પશ્ચિમ ઝોનમાં જરૂરીયાત મુજબ સુચવેલ રહેણાંક તથા બીન રહેણાંક મકાનોમાં જંતુનાશક દવાની છંટકાવ અંગેની કામગીરી. | ૯૦૦/- | ૫૬,૦૦૦/ |

**ઓન લાઈન ટેન્ડર ખોલવાનું સ્થળ:**

હેલ્થ મેલેરીયા મધ્યસ્થ કચેરી,
આરોગ્ય ભવન,
પ્રથમ માળ, એસ.ટી. બસ સ્ટેન્ડ સામે,
ગીતા મંદીર,
અમદાવાદ.૩૮૦૦૨૨.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
વાહકજન્ય રોગચાળો અટકાયતી શાખા - હેલ્થ વિભાગ
પ્રથમ માળ, આરોગ્ય ભવન, એસ.ટી. બસ સ્ટેન્ડ સામે, ગીતા મંદીર, અમદાવાદ.૩૮૦૦૨૨
(ટે.નં. ૯૭૨૬૪ ૧૬૧૩૨) E-mail:entomologist.amc@gmail.com

# Annexure –1
## Part A: Technical bid

| |
|---|
| ટેન્ડરરનું નામ : |
| સરનામુઃ |
| ટેન્ડર નં.: ઝોનઃ- |
| ટેલીફોન તથા ફેક્સ નંબરઃ |
| ટેન્ડરરનો પાન નંબરઃ |
| પાર્ટ A ટેકનીકલ બીડમાં જે તે ટેન્ડરર દ્વારા તમામ માહતી જરૂરી દસ્તાવેજ સાથે, ટેન્ડર ફી અને ઇ.એમ.ડી.ના ડિમાન્ડ ડ્રાફ્ટ, ટેન્ડરની શરતો સહી સાથે તેમજ ક્વાલીફિકેશન ક્રાઈટેરીયા મુજબના તમામ સંલગ્ન ડોકયુમેન્ટ હાર્ડ કોપીમાં ટેન્ડર ઓફીસ ખાતે જમા કરાવવાના રહેશે. |
| ટેન્ડરની હાર્ડ કોપી પાર્ટ A માં જણાવ્યા મુજબના તમામ ફીઝીકલ ડોક્યુમેન્ટસ નીચે જણાવેલ સરનામે સમય મર્યાદામાં અન્ય પુરાવા સાથે રજીસ્ટર એ.ડી. અથવા સ્પીડપોસ્ટથી જમા કરવાનું રહેશે |
| પેમેન્ટ બાબતે બેન્ક એકાઉન્ટની વિગત જેવી કે બેન્કનું નામ, શાખા, એકાઉન્ટ નંબર, બેન્કનો એમ.આઇ.સી.આર. નંબર, બેંકનો આઇ. એફ. એસ. સી. કોડ અને પરમેનન્ટ એકાઉન્ટ નંબરની વિગતો સાથે કેન્સલ ચેક આપવી ફરજીયાત છે. |
| ટેન્ડરરની સહી , તારીખ તથા સીક્કો |

**નોંધ :-**

૧) ટેન્ડર ફી તથા અર્નેસ્ટ મનીની રકમ '<u>મ્યુનિસિપલ કમિશ્નર, અમદાવાદ</u>' નાં નામે અલગ અલગ ડીમાન્ડ ડ્રાફટ / પે ઓર્ડરથી ભરવાની રહેશે. અન્ય કોઈ રીતે રકમ સ્વીકારવામાં આવશે નહિ. <u>ટેન્ડરરે પાર્ટ એ, અલગ સીલ બંધ કવરમાં જમાં કરવાનુ રહેશે, અને કવર ઉપર પાર્ટીનુ નામ, ટેન્ડર નંબર, વિભાગનું નામ, સંપર્ક નંબર ફરજીયાત પણે લખવાનુ રહેશે.</u>

૨) ઇ-ટેન્ડર ઓનલાઇન સબમીટ કર્યાબાદ ટેન્ડર ડોકયુમેન્ટસ <u>તા. ૦૪/૦૪/૨૦૨૫</u>, સમયઃ બપોરે ૫.૦૦ કલાક સુધીમાં <u>ટેન્ડર ઓફીસરશ્રી, સેન્ટ્રલ રેકર્ડ ખાતું, બી-બ્લોક, મેઝનીન ફલોર, સરદાર પટેલ ભવન, અમદાવાદ મ્યુ. કોર્પોરેશન, ખમાસા, દાણાપીઠ, અમદાવાદ-૧ ખાતે</u> રજીસ્ટર એ.ડી. / સ્પીડ પોસ્ટ દ્વારા જમા કરાવવાનું રહેશે.

૩) ટેન્ડરમાં કામગીરી માટેના ભરવામાં આવેલ ભાવ ફક્ત ઇ-ટેન્ડરમાં દર્શાવેલ પાર્ટ-૨, ***કોમર્શીયલ બીડમાં જ દર્શાવવાના રહેશે***, અન્ય કોઇ પણ જગાએ ભાવ દર્શાવેલ હશે તો ટેન્ડર રદ ગણવામાં આવશે.

# Part-B: Commercial bid

૧. ટેન્ડરમાં કામગીરી માટેના ભરવામાં આવેલ ભાવ ફક્ત ઇ ટેન્ડરમાં દર્શાવેલ કોમર્શીયલ બીડમાં જ પ્રતિ ઓરડા (રૂમ) દીઠ ભાવ ભરવાનો રહેશે, અન્ય કોઇ પણ જગ્યાએ ભાવ દર્શાવેલ હશે તો ટેન્ડર રદ કરી દેવામાં આવશે.

Online Bid Only

| | | |
|---|---|---|
| ટેન્ડરરનું નામઃ | | |
| સરનામુઃ | | |
| ટેન્ડરર દ્વારા દક્ષિણ પશ્ચિમ ઝોન માટે આપેલ ભાવઃ | | |
| ઝોન નુ નામ | ઓરડા દીઠ ભાવ (રૂપિયા અને પૈસા) પ્રતી રાઉન્ડ | રીમાર્કસ |
| દક્ષિણ પશ્ચિમ ઝોન (ટેન્ડર નં. HM /૧૮/૨૦૨૪-૨૫) | | |

- ચેક ચાકવાળી કે અસ્પષ્ટ રકમ કે અવાચ્ય રકમવાળા ટેન્ડરો રદ બાતલ ગણવામા આવશે.
- જો શબ્દો માં તથા આંકડામાં લખેલ ભાવમાં તફાવત જણાશે તો શબ્દમાં લખેલ ભાવ ગણતરી માં લેવામાં આવશે.

**તારીખઃ- ......./......./........** **ટેન્ડરર નું નામ........................**

**સ્થળ :-..........................**